સાતમા કેન્દ્રીય પગારપંચની ભલામણોના આધારે બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓના પગાર ધોરણની સુધારણા બાબત.

ગુજરાત સરકાર ,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક: બમશ/૧૧૧૬/૭૮૮/ગ,
સચિવાલય, ગાંધીનગર,
તા.૧૦/૦૨/૨૦૨૨.

વંચાણે લીધા:-

(૧) વિભાગનો તા.૧૬/૦૮/૨૦૧૭નો ઠરાવ ક્રમાંક: બમશ/૧૧૧૬/૭૮૮/ગ.

(૨) વિભાગનો તા.૧૫/૧૧/૨૦૧૮નો ઠરાવ ક્રમાંક: બમશ/૧૧૧૬/૭૮૮/ગ.

આમુખ:-

રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓને સાતમા કેન્દ્રીય પગારપંચની ભલામણો પ્રમાણે સુધારેલ પગાર ધોરણનો લાભ વંચાણે લીધા ક્રમાંક(૧) સામેના તા.૧૬/૦૮/૨૦૧૭ના ઠરાવથી આપવામાં આવેલ છે. આ ઠરાવની શરત નં(૫) થી તા.૦૧/૦૧/૨૦૧૬ થી તા.૩૧/૦૭/૨૦૧૭ સુધીના સમયગાળાના પગાર તફાવતની રકમ પાંચ સરખા વાર્ષિક હપ્તામાં, રાજ્ય સરકાર દ્વારા તફાવતની રકમ ચૂકવવા અંગે જે નિર્ણય લેવામાં આવે તે અનુસાર ચૂકવવામાં આવશે તેવી જોગવાઈ કરેલ છે. વિભાગના વંચાણે લીધા ક્રમાંક (૨) સામેના તા.૧૫/૧૧/૨૦૧૮ના ઠરાવથી બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓને તા.૦૧/૦૧/૨૦૧૬ થી તા.૩૧/૦૭/૨૦૧૭ના સમયગાળાના પગાર તફાવતની રકમના પાંચ સરખા વાર્ષિક હપ્તામાં ચૂકવણી કરવાનું ઠરાવેલ છે તેમજ પાંચ સરખા વાર્ષિક હપ્તા પૈકી પ્રથમ વાર્ષિક હપ્તાની ચૂકવણી કરવાની મંજૂરી આપવામાં આવેલ છે.

રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓને તા.૦૧/૦૧/૨૦૧૬ થી તા.૩૧/૦૭/૨૦૧૭ સુધીના સમયગાળાના પગાર તફાવતની રકમના બીજા હપ્તાની ચૂકવણી કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાને અંતે, રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓને તા.૦૧/૦૧/૨૦૧૬ થી તા.૩૧/૦૭/૨૦૧૭ના સમયગાળાના પગાર તફાવતની રકમના પાંચ સરખા વાર્ષિક હપ્તા પૈકી બીજા હપ્તાની ચૂકવણી કરવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

આ ઠરાવ સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા.૦૨/૦૨/૨૦૨૨ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવેલ છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ડી.એમ.પઠાણ)
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.(પત્ર દ્વારા)
- માન.મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.



Scanned with CamScanner